

# પરિષદવૃત્ત

**સં. અનિલા દલાલ**

(૧) સેન્ટર ફૉર એન્વાયરન્મેન્ટ એજ્યુકેશન દ્વારા ત્રણ-દિવસીય ફોટોપર્વના નિમિત્તે પરિષદના સહયોગમાં તા. ૩૦-૧૦-૨૦૦૯ના રોજ સાંજે ગોવર્ધન સ્મૃતિમંદિરમાં 'કવિતામાં ધબકતું અમદાવાદ' એ શીર્ષકથી એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો. અમદાવાદના કવિઓ હરદ્વાર ગોસ્વામી, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, દિલીપ શ્રીમાળી, ચંદ્રેશ મકવાણા, છાયા ત્રિવેદી, વ્રજ ત્રિવેદી, રાજેન્દ્ર પટેલ, રાજેશ વ્યાસ 'મિસ્કીન' – આ કવિઓએ અમદાવાદ વિશેની તેમની રચનાઓનું પઠન કર્યું હતું.

(૨) તા. ૩-૧૧-૨૦૦૯ મંગળવારે, 'સર્જકો સાથે સંવાદ' કાર્યક્રમ અંતર્ગત નવોદિતોએ પોતાની એક/બે કૃતિઓનું પઠન કર્યું હતું. સૌનો ઉત્સાહ જોવા મળતો હતો.

(૩) રવીન્દ્ર ભવનના ઉપક્રમે તા. ૪-૧૧-૦૯ના રોજ શ્રી અનિલા દલાલે 'રવીન્દ્રનાથની કેટલીક વિશિષ્ટ વાર્તાઓ' વિષય પર વક્તવ્ય રજૂ કર્યું. રવીન્દ્રનાથની કિશોરો, કિશોરીઓ પરની વાર્તાઓમાંથી 'પોસ્ટ માસ્તર', 'વાદળ અને તડકો', 'રજા પડી', 'અતિથિ' વાર્તાઓનું વિશ્લેષણ કર્યું. વાર્તાઓની કાવ્યધર્મિતા તેમજ તેની વિશિષ્ટ શૈલી, કથનશૈલીમાં કથકનાં દષ્ટિકોણ વગેરેની વાત કરી, 'ઘાટની વાત' વાર્તાના વિશેષને ખોલી આપ્યો. આધિભૌતિક તત્ત્વને આલેખતી 'હાડપિંજર' વાર્તાનો આસ્વાદ કરાવ્યો. મનોવૈજ્ઞાનિક અને અધિભૌતિક તત્ત્વોનું મિશ્રણ આવી વાર્તાઓને સ્પર્શક્ષમ બનાવે છે તેનો નિર્દેશ કર્યો. વાર્તાઓમાંથી કેટલાક ખંડોનું પઠન પણ કર્યું.

(૪) કવિ આદિલ મન્સૂરીની પ્રથમ પુણ્યતિથિ ૬-૧૧-૦૯ના રોજ એક 'સ્મરણ સભા'નું આયોજન પરિષદ અને અસાઇત સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું. કવિ પરની દસ્તાવેજી ફિલ્મ તેમજ નિમિષ દેસાઈ – અર્ચન ત્રિવેદીએ નાટ્યપઠન, ઉર્દૂ-ગુજરાતી કવિતાઓનું પઠન વગેરે રજૂ કરવામાં આવ્યાં. શ્રી લાભશંકર ઠાકરની ઉપસ્થિતિમાં આ 'સ્મરણ સભા' યોજાઈ હતી.

(૫) તા. ૫-૧૧-૦૯ના રોજ 'પાક્ષિકી'ના ઉપક્રમે વાર્તાકાર શ્રી દીવાન ઠાકોરે તેમની વાર્તાનું પઠન કર્યું. પછી ચર્ચા થઈ, સૌએ પોતાના પ્રતિભાવ આપ્યા.

(૬) તા. ૧૦-૧૧-૦૯ના રોજ વાર્તાકાર ઈવા ડેવ, કવિ-કલાકાર પ્રદ્યુમ્ન તન્ના, અનુવાદક શ્રીકાન્ત ત્રિવેદી, કલાકાર જગદીશ સ્માર્ત, વિદ્વાન પ્રાધ્યાપક તપસ્વી નાન્દી અને તત્ત્વચિંતક શ્રી રસેન્દુ પંડ્યા – આ સાહિત્યકારો- કલાકારોનાં અવસાન નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પવા એક સભા યોજાઈ, જેમાં શ્રી પ્રફુલ્લ રાવલ, શ્રી વિજય પંડ્યા, શ્રી યશવન્ત મહેતા, શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા, શ્રી રતિલાલ બોરીસાગર, શ્રી પ્રશાંત દવેએ દિવંગતોનાં કાર્યનું સ્મરણ કરી-કરાવી શ્રદ્ધાંજલિ અર્પી.

(૭) તા. ૧૭-૧૧-૨૦૦૯ – મંગળવારે 'સર્જકો સાથે સંવાદ' કાર્યક્રમમાં શ્રી રતિલાલ બોરીસાગરની ઉપસ્થિતિમાં શુદ્ધ લેખન વિશે આસ્વાદમૂલક ચર્ચા.



(૮) તા. ૧૯-૧૧-૦૯ના રોજ 'પાક્ષિકી'માં પ્રો. ડી. જે. બાવલેચાનું વાર્તાપઠન-ચર્ચા.

(૯) 'રાષ્ટ્રીય ગ્રંથ-સપ્તાહ'ની ઉજવણી નિમિત્તે તા. ૧૪-૧૧-૦૯થી તા. ૨૦-૧૧-૦૯ ચી. મ. ગ્રંથાલયના ઉપક્રમે ગ્રંથાલય-સપ્તાહનું આયોજન થયું. તેમાં ચરિત્રાત્મક વિગતો સાથે સાહિત્યકારોના ફોટાઓનું એક પ્રદર્શન કિશોરો – વિદ્યાર્થીઓને અનુલક્ષીને યોજવામાં આવ્યું, જે કાર્યની જવાબદારી – સેવાઓ શ્રી કલ્પના પરીખે ઉપાડી હતી અને તેનું ઉદ્‌ઘાટન શ્રી રૂપલ મહેતાએ કર્યું હતું. અન્ય કાર્યક્રમોમાં ચિત્રસ્પર્ધા, બાળજોડકણાં સ્પર્ધા, 'જંગલ-બુક' ફિલ્મ, બાળકો – વાચકોની પોતાના પ્રિય પુસ્તક વિશેની ચર્ચા, ભાષા-શુદ્ધિ વિશે વક્તવ્ય, વાર્તાકથન સ્પર્ધા, બાળરમતો વગેરે વૈવિધ્યપૂર્ણ હતાં. તેમાં સેવાઓ આપનાર હતાં – શ્રી કલ્પનાબહેન, શ્રી રૂપાબહેન, શ્રી રમેશભાઈ પટેલ, શ્રી પિંકી પંડ્યા, શ્રી યશવંત મહેતા. સમગ્ર કાર્યનું આયોજન – સંયોજન – ચી. મ. ગ્રંથાલયના શ્રી દીપ્તિ શાહ અને શ્રી ગંગારામ વાઘેલાએ કર્યું હતું.

(૧૦) વિશ્વ સાંસ્કૃતિક વારસા સપ્તાહ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ અને મ્યુનિસિપલ કૉર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે કાવ્યયાત્રા-૧ અને કાવ્યયાત્રા-૨ એમ બે કાર્યક્રમો યોજાયા. પહેલી કાવ્યયાત્રા (તા. ૨૨-૧૧-૦૯) દરમ્યાન ગુજરાતીનાં મૂર્ધન્ય કવિઓ વલી ગુજરાતી, પિનાકિન ઠાકોર, સુંદરમ્, સ્નેહરશ્મિ, ઉમાશંકર જોશી અને કવિ નાનાલાલનાં નિવાસોની મુલાકાત લીધી અને આ કવિઓની કાવ્યપંક્તિઓ – કાવ્યોનું પઠન તેમજ સંસ્મરણો રજૂ થયાં હતાં. તા. ૨૫-૧૧-૦૯ની કાવ્યયાત્રા-૨માં (શહેર વિભાગ) દલપતરામ, પ્રિયકાન્ત મણિયાર, મનહર મોદી, નરસિંહરાવ દિવેટિયા, અખો, કુમાર કાર્યાલય કવિઓનાં નિવાસ-સ્થળ અને કાર્ય-સ્થળની મુલાકાત લીધી, અને કાવ્યોનું પઠન કર્યું. પહેલી કાવ્યયાત્રા એમ. જે. લાયબ્રેરીમાં ગ્રંથપાલશ્રીની ઉપસ્થિતિમાં પૂર્ણ થઈ. પરિષદપ્રમુખ નારાયણ દેસાઈ પણ હાજર હતા. બીજી કાવ્યયાત્રાનું કુમાર કાર્યાલય આગળ સમાપન થયું. આ બધાં સ્થળોએ કવિઓના પરિવારજનોએ ભાવભર્યું સ્વાગત કરી અલ્પાહારનું પણ આયોજન કર્યું હતું. દિવંગત કવિઓની સ્મૃતિઓથી સૌ ભાવવિભોર થયાં હતાં.

▯

## ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યનું પ્રદાન – એક પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદની શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪-૧૧-૨૦૦૯ અને તા. ૧૫-૧૧-૨૦૦૯ના બે દિવસીય પરિસંવાદ 'ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યનું પ્રદાન'નું આયોજન થયું. ગુજરાતી સાહિત્યની ધારા હેમચંદ્રાચાર્યના સમયથી ગણીએ તો જૈન પરંપરા સચવાઈ હોય, પણ ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ જોઈએ તો આરંભમાં કે મધ્યકાળમાં જૈન સાહિત્યનું અવદાન ગુણવત્તાની અને માત્રાની દષ્ટિએ વિપુલ છે. કોઈ પણ ધર્મકેન્દ્રી સાહિત્યમાં જે તે ધર્મની વિચારણા કે દર્શન કેન્દ્રમાં હોય, પણ જૈન કવિઓ લખતા હોય છે ત્યારે ભારતીય પરંપરા અને લોકપરંપરાનો આશ્રય લઈ જૈન કથાઓ રચે છે. એમનાં ઉત્તમ કાવ્યના માપદંડ સંસ્કૃત, પ્રાકૃત કાવ્યશાસ્ત્રની પરંપરા પર આધારિત હોય છે. આમ કથાકથિત જૈન સાહિત્ય છેવટે તો સર્જનાત્મક સાહિત્યની શ્રેણીમાં આવે, દરેક રસિક ભાવક એનો આસ્વાદ લઈ શકે છે. આપણે આજે જેને Secular અભિધાનથી વિભાજિત કરીએ છીએ તેવી રચનાઓની

ઉપલબ્ધિથી આ રચનાઓની ગુણસમૃદ્ધિ ઓછી નથી હોતી. અલબત્ત, એનો આશય વાચકને, પ્રબુદ્ધ શ્રાવકવર્ગને ધર્માભિમુખ કરવાનો હોય છે, કૃતિનું લક્ષ્ય વૈરાગ્ય અને પછી મોક્ષને પ્રેરનારું હોય છે. પણ કથા લૌકિક હોય છે અને કાવ્યશાસ્ત્રના બધા જ આયામોને પ્રકટ કરતું હોય છે. મહત્ત્વની બાબત એ છે કે આ કૃતિઓમાં માનવજીવનનાં તમામ ભાવો-વિભાવો-સંવેદનોનું આલેખન સર્વસ્પર્શી હોય છે અને આ માનવીય તત્ત્વ હૃદયંગમ બને છે. જૈન સર્જકોનું પ્રદાન આમ વિપુલ અને સર્જનાત્મક હોઈ તેનો વિશેષ અભ્યાસ થવો ઘટે – સાહિત્યિક દૃષ્ટિએ. પણ સાહિત્યની મુખ્ય ધારામાં આ સાહિત્ય બહુ ચર્ચાયું નથી. ક્યારેક એમાંનું ઘણું સાહિત્ય stereotype – બીબાંઢાળ લાગે, તેમ છતાં એનો અભ્યાસ થવો જોઈએ, યોગ્ય મૂલ્યાંકન થવું જોઈએ, ઉપેક્ષિત રહેવું ન જોઈએ.

શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠના ઉપક્રમે આવો કોઈક હેતુ લક્ષ્યમાં રાખી પરિસંવાદ યોજાય એવી ઇચ્છા શ્રી કુમારપાળ દેસાઈ અને શ્રી ધનવંત શાહે પ્રકટ કરી. પછી બન્ને સાથે પ્રસારમંત્રી શ્રી અનિલા દલાલે બેસીને ચર્ચાઓ કરી આ આયોજન કર્યું. કોઈ સાંપ્રદાયિક સાહિત્યની સીમિત દૃષ્ટિ ન રાખતાં, વ્યાપક દૃષ્ટિએ ગુજરાતી સાહિત્યમાં જેનું બહુપરિણામી પ્રદાન છે એવા જૈન સાહિત્યને રેખાંકિત કરવાનો પ્રયાસ આ આયોજનમાં કરવામાં આવ્યો.

ઉદ્‌ઘાટન-બેઠકમાં અતિથિવિશેષ શ્રી ધનવંત શાહે જૈન કૃતિઓ અને તેના કર્તાઓ વિશે ઉદાહરણ સહિત ચર્ચા કરી, તો સભાના અધ્યક્ષ શ્રી કુમારપાળ દેસાઈએ સૈદ્ધાંતિક ભૂમિકા પરથી આ સાહિત્યના મૂલ્યનું વિશ્લેષણ કર્યું. 'કવિતા અને ધર્મ'ની પહેલી બેઠકમાં ત્રણ રચનાઓનું વિદ્વાનોએ આસ્વાદમૂલક પૃથક્કરણ મૂકી આપ્યું : સ્થૂલિભદ્ર-કોશાના કથાનક પર આધારિત સહજસુંદરના 'ગુણરત્નાકર છંદ' વિશે શ્રી કાન્તિભાઈ શાહે સદૃષ્ટાંત ચર્ચા કરી. શૃંગારના ભાવને પ્રકટ કરતાં આ કાવ્ય પછી વીરરસને કેન્દ્રમાં રાખતી શાલિભદ્રસૂરિની કૃતિ 'ભરતેશ્વર-બાહુબલિરાસ'નાં મર્મસ્થાનો શ્રી અભય દોશીએ ખોલી આપ્યાં – ઉદાહરણો આપીને. શ્રી નિરંજના વોરાએ ઋષભદાસના 'કુમારપાળ રાસ'ની વાત કરતાં કરતાં ઋષભદાસનાં અન્ય સર્જનોને પણ પોતાનાં વક્તવ્યમાં આવરી લીધાં. 'ગુજરાતના સાંસ્કૃતિક જીવનમાં જૈન વિદ્વાનોનું પ્રદાન' એ વિશેની બીજી બેઠકમાં જૈન સાહિત્યના અભ્યાસી-સંપાદક-સંશોધક-વિશ્લેષક એવા બે વિદ્વાનોનું પ્રદાન નિરૂપવામાં આવ્યું : શ્રી રમણીકભાઈ શાહે 'મુનિ પુણ્યવિજયજી' વિશે અને શ્રી વિજય પંડ્યાએ 'પંડિત સુખલાલજી' વિશે. ગુજરાતનાં સાંસ્કૃતિ જીવનમાં ફાળો આપનાર શ્રાવકો-શ્રેષ્ઠીઓમાંથી 'શ્રાવક ભીમસિંહ માણેક' વિશે શ્રી ગુલાબ દેઢિયાએ અને 'શાંતિદાસ ઝવેરી' વિશે શ્રી માલતીબહેન શાહે બન્નેની મૂલ્યનિષ્ઠા અને વ્યવહારદક્ષતાની વિગતપ્રચુર વાતો કરી.

તા. ૧૫/૧૧ ત્રીજી બેઠક એ રીતે વિશિષ્ટ રહી કે જૈન અને જૈનેતર સાહિત્યમાં એક જ કથાને કેવી રીતે નિરુપિત કરવામાં આવે છે એનો કંઈક તુલનાત્મક દૃષ્ટિકોણ રજૂ થયો. શ્રી બળવંત જાનીએ આરંભમાં તુલનાત્મક અભ્યાસ વિશે થોડી ચર્ચા કરી, થયેલી કેટલીક તુલનાત્મક કૃતિઓ વિશે જણાવ્યું. પછી તેમણે ભાલણના નળાખ્યાનની આગવી રીતિઓ દર્શાવતાં પ્રેમાનંદથી એ ક્યાં અને કેવી રીતે કથાને વ્યક્ત કરે છે તે દર્શાવ્યું, તો શ્રી આરતી ત્રિવેદીએ પ્રેમાનંદના નળાખ્યાનની ભિન્ન ભિન્ન વિશિષ્ટતાઓ દર્શાવી,



નાકરની રચના સાથે તુલના કરી બતાવી. શ્રી સલોની જોષીએ આ જૈનેતર રચનાઓ પછી સમયસુંદરની જૈન રચના નલદવદંતી રાસમાં આવતી મૂળકથાથી જુદી જુદી ઘટનાઓની વાત કરતાં તેમાં જૈન સિદ્ધાંતોને કેવી રીતે વણી લીધા છે તેનું ઉદાહરણો સહિત નિરૂપણ કરી બતાવ્યું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે નવલકથા પર રચાયેલી આ ધર્મકથા છે અને તેથી વૈરાગ્યની વાત એમાં આવે એ સ્વાભાવિક વાતનો સ્વીકાર કરવો ઘટે. ચોથી અંતિમ બેઠકમાં જૈન સાહિત્યનું થયેલું – થઈ રહેલું અધ્યયન-સંશોધન-સંપાદન કેટલું મહત્ત્વપૂર્ણ છે તે વિદ્વાનોએ દર્શાવ્યું, અને એના આધારે આગળના સંશોધન માટેની કેવી રીતે ભૂમિકા રચાય છે તેની પણ સ્થાપના કરી આપી. શ્રી ભોળાભાઈ પટેલે શ્રી હરિવલ્લભ ભાયાણીએ પાદલિપ્તાચાર્યની રચના 'તરંગલોલા'નું સંપાદન અને અનુવાદ કરી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે તે બતાવ્યું. શ્રી રમણ સોનીએ સૂચિવિદ્યા આલેખતી કૃતિ 'જૈન ગુર્જર કવિઓ' – શ્રી મો. દ. દેસાઈ અને તેનું શ્રી જયંત કોઠારીએ વધુ વિગતો એકઠી કરી વ્યવસ્થિત કરેલું સંપાદન આ ક્ષેત્રમાં કામ કરનારને ખૂબ માર્ગદર્શક અને ઉપકારક બની રહેશે તે જણાવ્યું. શ્રી સુધાબહેન પંડ્યાએ શ્રી ભો. જે. સાંડેસરાએ સંપાદિત કરેલી કૃતિઓની, તેમજ બે જૈન કૃતિઓનાં સંપાદનની વાત વિશદતાથી કરી. તેમણે શ્રી સાંડેસરાના 'વસુદેવહિંડી'ના અનુવાદનો પણ સુપેરે ઉલ્લેખ કર્યો.

આ પરિસંવાદ આ દિશામાં વધુ કામ કરવા ઇચ્છનારને તેમજ ગુજરાતી સાહિત્યના અભ્યાસીને પણ પ્રોત્સાહક રહ્યો. જેમની સેવાઓ આમાં મળી તે સૌના આભારથી સમાપન થયું.



## ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદના પિસ્તાલીસમા અધિવેશનનું આયોજન 'બાનો ભીખ્ખુ સાહિત્ય પ્રસાર ટ્રસ્ટ'ના યજમાનપદે, નવસારી મુકામે, તા. ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર, ૨૦૦૯ના ત્રણ દિવસ કરવામાં આવ્યું છે. અધિવેશનના પ્રમુખ તરીકે વિખ્યાત કવિ-નવલકથાકાર-પત્રકાર શ્રી ભગવતીકુમાર શર્મા હશે. અધિવેશનનું ઉદ્‌ઘાટન ખ્યાતિપ્રાપ્ત બંગાળી લેખિકા, સામાજિક પ્રદાન માટે મેગેસેસ એવૉર્ડથી પુરસ્કૃત શ્રી મહાશ્વેતાદેવી કરશે.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાતના સાહિત્યકારોને કેન્દ્રમાં રાખીને તૈયાર કરેલી સ્મરણિકા તથા અમલસાડના કલાગુરુ જસુભાઈ નાયકે તૈયાર કરેલ સાહિત્યકારોનાં તૈલચિત્રોનું પ્રદર્શન ખુલ્લાં મુકાશે. પ્રથમ દિવસે સારસ્વતયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અધિવેશનનો આખરી થયેલ કાર્યક્રમ નીચે મુજબ છે :

તૈલચિત્રોના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન : શ્રી ભગવતીકુમાર શર્મા

તા. ૨૫-૧૨-૦૯, શુક્રવાર, સવારે ૧૦.૦૦ સ્થળ : ટાટા મેમોરિયલ હૉલ, દૂધિયા તળાવ, નવસારી

સારસ્વતયાત્રા : તા. ૨૫-૧૨-૦૯ શુક્રવાર, બપોરે ૨.૦૦થી ૨.૩૫
ગાંધીપ્રતિમાથી નીકળી ફરીને અધિવેશન-સ્થળે પહોંચશે.

**બેઠક – પહેલી :**

**ઉદ્‌ઘાટન સમારંભ** તા. ૨૫-૧૨-૦૯ શુક્રવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦

અધિવેશનસ્થળ : એસ. બી. ગાર્ડા કૉલેજ હૉસ્ટેલ કમ્પાઉન્ડ, ફુવારા પાસે, દાબુ હૉસ્પિટલ સામે, નવસારી

| | | | |
|---|---|---|---|
| ૧. | ગીત : જય જય ગરવી ગુજરાત | : | સંગીત ટુકડી |
| ૨. | ગીત : ભગવતીકુમાર શર્માની રચના | : | „ „ |
| ૩. | સ્વાગતપ્રમુખનું વક્તવ્ય | : | શ્રી મહેશભાઈ કોઠારી |
| ૪. | મહેમાનોનું સ્વાગત | : | |
| ૫. | પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ | : | શ્રી મનસુખ સલ્લા |
| ૬. | સ્મરણિકાનું વિમોચન | : | શ્રી નારાયણ દેસાઈ |
| ૭. | કાર્યભારની સોંપણી | : | શ્રી નારાયણભાઈ દેસાઈ દ્વારા શ્રી ભગવતીકુમાર શર્માને |
| ૮. | નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય | : | શ્રી નારાયણભાઈ દેસાઈ |
| ૯. | ઉદ્‌ઘાટન (દીપપ્રાગટ્ય) | : | શ્રી મહાશ્વેતાદેવી |
| ૧૦. | ઉદ્‌ઘાટકશ્રીનું વક્તવ્ય | : | શ્રી મહાશ્વેતાદેવી |
| ૧૧. | વરાયેલા પ્રમુખશ્રીનો પરિચય | : | શ્રી રઘુવીર ચૌધરી |
| ૧૨. | વરાયેલા પ્રમુખશ્રીનું વક્તવ્ય | : | શ્રી ભગવતીકુમાર શર્મા |
| ૧૩. | આભારવિધિ (યજમાનસંસ્થા) | : | શ્રી પ્રેમચંદભાઈ લાલવાણી |
| ૧૪. | આભારવિધિ (સાહિત્યપરિષદ) | : | શ્રી હરિકૃષ્ણ પાઠક |

**બેઠક – બીજી : આસ્વાદ** તા. ૧૫-૧૨-૦૯ શુક્રવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦

કાવ્યપ્રત્યક્ષ : કવિતાનું પઠન, ગાન, આસ્વાદ અધ્યક્ષ : નીતિન વડગામા

**બેઠક – ત્રીજી :** તા. ૨૬-૧૨-૦૯ શનિવાર, સવારે ૯.૦૦થી ૧૨.૩૦

**સર્જનવિભાગ :** ગુજરાતીમાં નિબંધ : સ્વરૂપ અને વિકાસ

અધ્યક્ષ : રતિલાલ બોરીસાગર સંચાલન : અનિલા દલાલ

૧. હાસ્યનિબંધ : રતિલાલ બોરીસાગર

૨. વિચારપ્રધાન નિબંધ : કાંતિ શાહ

૩. લલિતનિબંધ : ભગીરથ બ્રહ્મભટ્ટ

૪. પ્રવાસનિબંધ : ભારતીબહેન રાણે

**બેઠક – ચોથી :** તા. ૨૬-૧૨-૦૯ શનિવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦

**વિવેચન-સંશોધન વિભાગ** અધ્યક્ષા : શરીફા વીજળીવાળા સંચાલન : ભારતી ર. દવે વક્તાઓ : મીનળ દવે, નરેશ શુક્લ, પિનાકિનીબહેન પંડ્યા

**સાંસ્કૃતિક કાર્યક્રમ :** રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ : યજમાનસંસ્થા આયોજિત ધારૈયા નૃત્ય, ડાંગી નૃત્ય, નવસારી-વલસાડના સંગીતકારોનો કાર્યક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિ (વર્તમાન અને આગામી)ની બેઠક : સવારે ૮.૦૦થી ૯.૦૦

**બેઠક – પાંચમી** તા. ૨૭-૧૨-૦૯ રવિવાર, સવારે ૯.૧૫થી ૧૧.૩૦

**પરિસંવાદ** ભાષા-સાહિત્ય ક્ષેત્રે પારસીઓનું પ્રદાન

અધ્યક્ષ : સંચાલન : રવીન્દ્ર પારેખ

(૧) નાટ્યક્ષેત્રે પ્રદાન : યઝદી કરંજિયા (૨) નવલકથા ક્ષેત્રે પ્રદાન : દર્શના ધોળકિયા (૩) કવિતા ક્ષેત્રે પ્રદાન : ડૉ. જાલ તુરેલ

**બેઠક – છઠ્ઠી :** સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન-બેઠક બપોરે ૧૧.૩૦થી ૧.૦૦ ઠરાવો, પ્રતિભાવો અને આભારવિધિ

બપોરના ભોજન પછી અધિવેશનની સમાપ્તિ થશે. તમામ કાર્યક્રમો સમયસર શરૂ થાય અને પૂર્ણ થાય તેવો આગ્રહ છે. સૌનો તેમાં સહયોગ મળશે તેવી આશા છે.

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજનઉતારા શુલ્ક રૂ. ૨૦૦/- તથા પ્રતિનિધિશુલ્ક રૂ. ૧૦૦/- ભરવાનું રહેશે. વિદ્યાર્થીઓએ ૫૦ ટકા રકમ ભરવાની રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૫-૧૨-૦૯ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે.

**વહીવટી મંત્રી**

□

બાનો ભીખ્ખુ સાહિત્ય પ્રસાર ટ્રસ્ટ – નવસારીના યજમાનપદે ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૫મા અધિવેશનમાં ઉપસ્થિત રહેનાર ડેલિગેટ તથા આમંત્રિત સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે યજમાન સંસ્થા દ્વારા રહેવાની સગવડ કરવામાં આવી છે. તેમાં સુગમતા રહે તે હેતુથી નીચેના એક સરનામે પોતાના આગમન અંગેની પત્રથી જાણ કરવી.

(૧) શ્રી ઘનશ્યામભાઈ પટેલ (અધ્યક્ષ) (ઉતારા – વાહનવ્યવહાર) પિતૃ આશિષ, શિવસાગર એપાર્ટમેન્ટની બાજુમાં, આશાનગર, નવસારી. ફોન ૦૨૬૩૭-૨૫૦૨૫૯, મો. ૯૪૨૮૦-૬૫૨૪૦

(૨) જયપ્રકાશ યુ. મહેતા – ૨૦૨, મીત કોમ્પલેક્ષ, તપોધન મહોલ્લો, નીલકંઠ મહાદેવ મંદિરની સામે, નવસારી. ફોન : ૯૪૨૭૯૪૮૭૬૯, ૦૨૬૩૭-૨૫૯૫૪૩

(૩) અસિત ઠાકોર – ૪૭-એ, શીતલનગર સોસાયટી, મંકોડિયા, અમૃતનગરની પાછળ, નવસારી. ફોન : ૦૨૬૩૭-૨૫૭૩૨૯, મો. ૯૮૨૪૧૩૬૧૩૩

(૪) સતીશ પંડ્યા – મંત્રી, બાનો ભીખુ સાહિત્ય પ્રસાર ટ્રસ્ટ, મહાત્મા ગાંધી માર્ગ, પંજાબ નૅશનલ બૅંક સામે, નવસારી. ફોન : (R) ૦૨૬૩૭-૨૫૭૨૩૪ (O) ૦૨૬૩૭-૨૫૬૮૯૯ (મો.) ૯૩૨૮૨૧૮૫૧૪

□

## સન્માન્ય સભ્યો

ગુજરાતી સાહિત્ય પરિષદના સન્માન્ય સભ્યોની બે જગ્યાઓ ખાલી પડી હતી તે ભરવા માટે 'પરબ'માં આપેલી જાહેરાત મુજબ મધ્યસ્થ સમિતિના સાત સભ્યોએ કુલ આઠ

નામની દરખાસ્ત કરી હતી. બંધારણીય જોગવાઈ અનુસાર પરિષદના વર્તમાન પ્રમુખ – શ્રી નારાયણભાઈ દેસાઈ, નવા ચૂંટાયેલા પ્રમુખ – શ્રી ભગવતીકુમાર શર્મા અને પૂર્વપ્રમુખ – શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ દરખાસ્તો પૈકી શ્રી ધીરુ પરીખ અને શ્રી ઉદયન ઠક્કરની સર્વાનુમતે પસંદગી કરી છે. બંનેને આવકાર આપીએ છીએ.

**વહીવટીમંત્રી**



પ.૨બ  ડિસેમ્બર, 2009